**VEER NARMAD**
**SOUTH GUJARAT UNIVERSITY**
**Udhna-Magdalla Road, P.B. No. 49**
**SURAT - 395 007 (Gujarat)**
☎ : 2227141 to 2227146
**Fax :** (0261) 2227312
**Gram :** SOGUNI

**વીર નર્મદ**
**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
**ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯**
**સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)**
☎ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**ફેકસ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**તાર :** સોગુની

**E-mail :** sgu@sguernet.in

ખાનગી
ફકત સભ્યોની જાણ માટે

સિન્ડિકેટની સામાન્ય સભા
તા. ૧૮–૬–૨૦૦૪

સિન્ડિકેટની સામાન્ય સભા શુક્રવાર, તા. ૧૮–૬–૨૦૦૪ ના રોજ બપોરે ૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | | તા.૧૮–૬–૦૪ |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | *ગેરહાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | ગેરહાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | ગેરહાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

* **રજા ઉપર હોવાથી હાજર રહી શકયા ન હતા.**

અઘ્યક્ષશ્રીની અનુઉપસ્થિતિમાં અઘ્યક્ષ સ્થાન ઈનચાર્જ કુલપતિ શ્રી ડૉ.વિક્રમભાઈ દેસાઈએ સંભાળ્યું હતું.

સભાની શરૂઆતમાં અઘ્યક્ષશ્રીએ રજૂ કરેલ સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મિરઝાના તા.૧૮–૬–૨૦૦૪ના પત્ર/ફેકસ પર ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. પ્રસ્તુત પત્રમાં શ્રી. હોશંગ મિરઝાએ તા. ૧૮–૬–૨૦૦૪ ની સિન્ડિકેટની નોટીસ સમયસર ન મળી હોવાની રજૂઆત કરી હતી. પરંતુ સિન્ડિકેટના અન્ય સભ્યશ્રીઓએ પ્રસ્તુત નોટીસ નિયમાનુસાર મળી હોવાનું જણાવ્યું હતું. સર્વાનુમતે તેમના વાંધા નામંજૂર કરી સિન્ડિકેટની

કાર્યવાહી આગળ ચલાવવાનું ઠરાવવામાં આવ્યું હતું. જેથી સિન્ડિકેટની કાર્યસૂચિ પરની બાબતોની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

(૧) રંગ અવધૂત સેવા મંડળ સંચાલિત બાલ અવધૂત બી.આર.એસ. મહાવિદ્યાલય, વાસણા મારનિયા, તા.જિ–ખેડામાં ધો–૧૨ પછીનો ત્રણ વર્ષનો ગ્રામવિદ્યા શાખા (બી.આર.એસ.) નો અભ્યાસક્રમ ચાલે છે. આ મહાવિદ્યાલય શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૨૦૦૫ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા પ્રસ્તુત સંસ્થાના નિયામકશ્રીએ તેમના તા.૨–૬–૨૦૦૪નાં પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિકતપાસ સમિતિ નિમવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ સંલગ્ન કોલેજમાં પ્રવેશ મેળવતા થેલેસેમીયા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે તેઓની ફરજીયાત તબીબી તપાસ કરવા અંગેનો ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાંચનો તા.૨૯–૫–૨૦૦૪નાં આ સાથે સામેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ સંલગ્ન કોલેજમાં પ્રવેશ મેળવતા થેલેસેમીયા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે તેઓની ફરજીયાત તબીબી તપાસ કરાવવી. અને પ્રસ્તુત તબીબી તપાસ કેવી રીતે કરાવવી તથા તે અંગેની આનુસંગીક બાબત માટેની સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ.મહેન્દ્ર ચૌહાણ

૨. ડૉ.આર.ડી.પટેલ

૩. ડૉ.વિપુલ સોમાણી

૪. ડૉ.કિરણ શાહ ( તજજ્ઞ તરીકે કો.ઓપ્ટેડ)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે જાગૃતિ અભિયાન ચલાવવું.

(૩) ડી.ડી.લૉ કોલેજ, નવસારીના હાલના ઈનચાર્જ આચાર્યશ્રી આર.પી.પટેલ વયમર્યાદાને કારણે તારીખ: ૧૪–૬–૨૦૦૪ ના રોજ નિવૃત થતા હોય, તેમની જગ્યાએ સદરહુ કોલેજમાં પૂર્ણ–સમયના વ્યાખ્યાતા ન હોવાથી, તેમની જગ્યાએ કોને નીમવા તે અંગે સંચાલક મંડળના પ્રમુખના તા:૨૧–૪–૨૦૦૪ ના પત્ર પર વિચારણા કરવા બાબત....... (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) મણીલાલ ભાણાભાઈ ગોહિલ એજ્યુકેશન ટ્રસ્ટ, નવસારી સંચાલિત નવસારી મુકામે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) નું નવુ જોડાણ મેળવવા પ્રસ્તુત સંસ્થાના

વાઈસ ચેરમેનશ્રીએ તેમના તા.૭–૬–૨૦૦૪ ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિકતપાસ સમિતિ નિમવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૫) ફરજમોકુફી હેઠળ રાખવામાં આવેલા યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલીપભાઈ સી શાહે યુનિવર્સિટીઝ ટ્રિબ્યુનલમાં કરેલ અરજીના સંદર્ભમાં નામદાર ટ્રિબ્યુનલના તા.૨૫–૦૨–૨૦૦૪ ના હુકમ અનુસાર ફરીથી યુનિવર્સિટીને કરેલ અપીલના સંદર્ભમાં સિન્ડિકેટ સમક્ષ રજુઆત કરવા તેઓની સાથે તેમના વકીલશ્રી ને પણ હાજર રાખવા તેમના તા.૦૬–૦૩–૨૦૦૪ ના પત્રથી માંગેલ મંજૂરી અંગે વિચારણા કરવા બાબત. (લીગલ)

(૬) યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલીપભાઈ શાહને પરીક્ષા વિવાદ અંગે ફરજ મોકુફી (Suspend) કરતા તેઓએ (શાહે) નામદાર ટ્રિબ્યુનલમાં અરજી નં.૩૫/૨૦૦૩ દાખલ કરી હતી. પ્રસ્તુત ટ્રિબ્યુલનલના ઓર્ડર સામે યુનિવર્સિટી તરફથી નામદાર હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન નં.૩૫૫૦/૨૦૦૪ દાખલ કરી હતી. સદરહુ ઓર્ડરના સંદર્ભમાં સિવિલ એપ્લીકેશન નં.૨૯૫૬/૨૦૦૪ અને લેટર્સ પેટન્ટ અપીલ નં.૧૦૬૪/૨૦૦૪ દાખલ કરી ઉપરોકત ઓર્ડર સામે દાદ માંગી હતી. સદરહુ બાબતે નામદાર હાઈકોર્ટ, તરફથી તા.૨૯–૪–૨૦૦૪ના રોજ ઓર્ડર /હુકમ કરી યુનિવર્સિટીને અગાઉ ટ્રિબ્યુનલ અને નામદાર હોઈકોર્ટની સ્પે.સિવિલ એપ્લીકેશનના ઓર્ડર મુજબ શ્રી શાહને ૧(એક) માસમાં સિન્ડિકેટે તેઓની અપીલ સાંભળવી અને રૂ.૫૦૦૦/– હજાર ખર્ચ પેટે ચૂકવવા હુકમ કરેલ સદરહુ હુકમ સામે યુનિવર્સિટી તરફથી દાખલ કરેલ લેટર્સ પેર્ટન અપીલના તા.૨૯–૪–૨૦૦૪ના ઓર્ડર/હુકમ મુજબ શ્રી શાહે રૂ.૫૦૦૦/– હજાર યુનિવર્સિટીને પરત કરવા અને શાહને સિન્ડિકેટ ઓર્ડર /હુકમની તારીખથી બે (૨) માસની અંદર અપીલ સાંભળવી તેવો હુકમ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત. (લીગલ)

:: ઉપરોકત (૫) અને (૬) બાબતોની સંયુકત વિચારણા કરવામાં આવી હતી.

<u>ઠરાવ નં–૫</u>

Whereas the Syndicate has duly considered, before taking up the matter, Mr.Dilip Shah's written request seeking assistance of an advocate to present his case.

It is resolved that there is no need to accede the request of Mr Dilip Shah. This is an appeal on the aspect of department action initiated against Mr Dilip Shah. Therefore, the presence of an advocate is not

required at this stage and therefore his request is not granted. However, Mr Dilip Shah will be given an opportunity to present his case.

ઠરાવ નં – ૬

:: It is resolved that Having heard extensively Mr Dilip Shah pursuant to the direction of the Hon of High Court in LPA No 1064 of 2004 in respect of his appeal under section 11(4)(B) of the South Gujarat University Act as well as in respect of the aspect at ratification under section 15 of the Gujarat Universities Tribunal act, it is resolved that the order passed by the Vice Chancellor under section 11(4)(a) of the South Gujarat University Act suspending Mr Dilip Shah as controller of examinations is just and proper and therefore the same does not warrant any interference in the appeal preferred by Mr Dilip Shah. As such keeping in mind the allegation leveled against Mr Dilip Shah, it would be in the fitness of things to keep him under suspension till department inquiry instituted against him is completed. The Hon'ble justice shri Karia, Retired judge of the Gujarat High Court has been appointed as an inquiry officer. He would held detailed inquiry. If Mr Dilip Shah is permitted to resume duties as controller of examinations pending the said departmental inquiry, there is a high degree of likelihood that he may try to tamper with the evidence. Therefore, it is felt that it is in the interest of the departmental inquiry that Mr Dilip Shah is continued under suspension till the departmental inquiry is completed. The allegations leveled against him are serious in nature and prima facie there appears to be substance in respect of the same. Therefore VC was fully justified in invoking emergency power under section 11(4)(a) of the South Gujarat University Act.

(નોંધ:–ઉપરોકત ઠરાવ બહુમતિથી પસાર થયો હતો.)

(૭) યુનિવર્સિટીની મેડીસીન ફેકલ્ટીમાં ડો.પી.કે.પટેલના શિક્ષક તરીકેના સ્ટેટસ બાબતે ખાતકીય તપાસ કરવવા માટે યુનિવર્સિટી સિન્ડિકેટ સભ્ય અને આચાર્યશ્રી, જી.પી.સનાઢયના તા.૮–૪–૨૦૦૪, ૯–૪–૨૦૦૦૪ અને ૧૬–૪–૨૦૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની મેડીસીન ફેકલ્ટીમાં ડો.પી.કે.પટેલના શિક્ષક તરીકેના સ્ટેટસ બાબતે સર્વગ્રાહી તપાસ કરી અહેવાલ આપવા માટેની સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી.

૧. ડો. વિપુલ સોમાણી

૨. શ્રી દિપક આફ્રિકાવાળા

(૮) ડાયરેકટર ઓફ શીડ્યુલ કાસ્ટ વેલ્ફેર, ગાંધીનગરના તા.૧૬–૩–૦૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે " Coaching and Allied Assistance for weaker sections including Scheduled Castes other Back ward Classes and Minorities. " ની સ્કીમ ચાલુ કરવા જણાવવામાં આવેલ છે. તો તે અંગે વિચારણા કરવા બાબત. (એસસી/એસ.ટી.એસ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, "Coaching and Allied Assistance for weaker sections including Scheduled Castes other Back ward Classes and Minorities" ની સ્કીમ ચાલુ કરવી.

(૯) યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને હેડ, ડૉ.કે.આર. દેસાઈએ તેમના તા. ૭–૪–૨૦૦૪ ના પત્રથી તે વિભાગમાં એમ.એસસી. (ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી) ના નવા કોર્ષની યુ.જી.સી. ની ૧૦ મી પંચવર્ષિય યોજના હેઠળ આપવામાં આવેલ મંજૂરીના સંદર્ભમાં આ કોર્ષને સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાન્સ) હેઠળ ચાલુ કરવા તેમના આ સાથેના પત્ર ક્રમાંક: કેમ/એસ્ટા/૨૨૧૩ તા. ૭–૪–૨૦૦૪ પર વિચારણા કરવા બાબત. (કેમેસ્ટ્રી/યુજીસી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

<u>જાણ માટે</u>

(૧૦) સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમીયોપેથીક મેડીસીનમાં ડીએચએમએસ(સ્વનિર્ભર) અભ્યાસક્રમમાં આચાર્ય સહિતના ૧૯ કર્મચારીઓને સમાવવા અંગેનો પ્રોબ્લેમ સોલ્વ કરી, તેના પહેલા હપ્તા પેટે રૂા.૧૦/– લાખની ચૂકવણી કરી છે. સદરહુ બાબતની જાણ થવા સારૂ. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની જાણ લેવી.

(૧૧) ગુજરાતની પ્રાઈવેટ નોન ગ્રાન્ટેડ ઈન્સ્ટિટયૂટમાં ચાલતા ટેકનીકલ એજ્યુકેશન હેઠળના પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં મેનેજમેન્ટ કવોટા હેઠળ દરેક કોર્ષમાં મંજૂર સીટના ૨૫% મુજબ નકકી (Fix) કરવા બાબતના ગર્વનમેન્ટ ઓફ ગુજરાતના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના ડેપ્યુટી સેક્રેટરીના

તા.૨૯–૫–૦૪ ના ઠરાવ નં. પી.વી.એસ./૧૦૨૦૦૪/૧૩૩૫/ એસ અન્વયે, ઠરાવની જાણ કરવા બાબત. (એકેડમિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજય સરકારના તા.૨૯/૫/૨૦૦૪ ના ઠરાવ નં.PVS/102004/1335/S- પત્ર ની જાણ લેવી. વધુમાં સદર બાબતમાં તમામ પાસાઓને ધ્યાનમાં લેતાં તથા સદરહુ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયાની સમયમર્યાદાને અને પારદર્શકતાને ધ્યાનમાં રાખતાં વિસ્તૃત ચર્ચા વિચારણાં ને અંતે ઠરાવવામાં આવે છે કે સદર અભ્યાસક્રમોમાં મેનેજમેન્ટ ક્વોટાની સીટો માટે કોલેજો વતી યુનિવર્સિટી ધ્વારા (વાઈડ પબ્લીસીટી વાળી) જાહેરાતો આપવી. તેનાં ફોર્મનું વિતરણ યુનિવર્સિટી ખાતેથી કરવું. તથા યુનિવર્સિટી ખાતે જ તે જમા કરાવવા. યુનિવર્સિટી ધ્વારા મુકેલા ઓબ્ઝર્વરની હાજરીમાં મેરીટના ધોરણે (મેનેજમેન્ટ ક્વોટામાં) કોલેજ મેનેજમેન્ટ પ્રવેશ આપશે.

જે વિધાર્થીઓએ આ અભ્યાસક્રમોની કોલેજોમાં કોલેજે આપેલી જાહેરાત ધ્વારા ફોર્મ ભરેલાં હોય તો તેઓ પણ નવેસરથી ફોર્મ ભરી શકે છે. વધુમાં કોલેજો મેનેજમેન્ટ ક્વોટામાં મેળવેલાં ફોર્મ ને પણ આ પ્રવેશની મેરીટ માટે ગણતરીમાં લેવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અન્ય અભ્યાસક્રમો જેવા કે એમ.બી.બી.એસ., હોમીયોપેથીક, ફીઝીયોથેરપી, બી.એડ્, ડી.એમ.એલ.ટી. જેવા સ્વનિર્ભરમાં પણ ઉપરોકત પધ્ધતિથી જ મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશો આપવા.

જે કોલેજ કે મેનેજમેન્ટ ઉપરોકત કાર્યવાહી સિવાય મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ પ્રક્રીયા કરશે તે પ્રવેશોને માન્ય ગણવામાં આવશે નહીં. તેમજ નોંધણી (Enrollment) પણ કરવામાં આવશે નહીં.

**<u>અધ્યક્ષશ્રીની સંમતિ થી નીચેની બાબતો રજૂ થઈ હતી:–</u>**

(૧૨) યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટસ ઓફિસરની ખાલી પડેલ જગા પર નિમણૂક કરવા અંગે સ્ટાફ અંગેની પસંદગી સમિતિ ઉપરાંત વધારાના બહારના એક નિષ્ણાંતની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ચીફ એકાઉન્ટ ઓફિસરની ખાલી પડેલ જગા પર નિમણૂક કરવા અંગે સ્ટાફ અંગેની પસંદગી સમિતિ ઉપરાંત વધારાના બહારના એક નિષ્ણાંતની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૩) યુનિવર્સિટી કાર્યાલય દ્વારા લાયબ્રેરીયનની આપવામાં આવેલ જાહેરાત સંદર્ભમાં આ જગા માટે ઓર્ડિનન્સ – ૩૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત આ જગાની પસંદગી સમિતિ પર બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીયનની જગા માટે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત પસંદગીસમિતિ પર બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૪) ૧૦મી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીમાં એક રીડર અને એક લેકચરરની જગા માટે આપવામાં આવેલ જાહેરાતનાં સંદર્ભમાં ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ૧૦ મી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીમાં એક રીડર અને એક લેકચરરની જગા માટે ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૫) યુનિવર્સિટી કાર્યાલયના ગ્રામઅભ્યાસના અનુસ્નાતક વિભાગમાં એક રીડરની જગા માટે આપવામાં આવેલ જાહેરાતનાં સંદર્ભમાં ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામ્અભ્યાસના અનુસ્નાતક વિભાગમાં એક રીડરની જગા માટે ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૬) યુનિવર્સિટી કાર્યાલયના ગણિતના અનુસ્નાતક વિભાગમાં પ્રોફેસરની એક જગા માટે આપવામાં આવેલ જાહેરાતનાં સંદર્ભમાં ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતના અનુસ્નાતક વિભાગમાં પ્રોફેસરની એક જગા માટે ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ૧–૭–૨૦૦૪ ઈ.ચા.કુલસચિવ
ક્રમાંક : એસ–૧(૧)/૫૪૧૬
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ............

(૧૧) ગુજરાતની પ્રાઈવેટ નોન ગ્રાન્ટેડ ઈન્સ્ટિટ્યૂટમાં ચાલતા ટેકનીકલ એજ્યુકેશન હેઠળના પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં મેનેજમેન્ટ ક્વોટા હેઠળ દરેક કોર્ષમાં મંજૂર સીટના ૨૫% મુજબ નકકી (Fix) કરવા બાબતના ગર્વનમેન્ટ ઓફ ગુજરાતના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના ડેપ્યુટી સેક્રેટરીના તા.૨૯–૫–૦૪ ના ઠરાવ નં. પી.વી.એસ./૧૦૨૦૦૪/૧૩૩૫/ એસ અન્વયે, ઠરાવની જાણ કરવા બાબત. (એકેડમિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજયસરકારશ્રીના તા.૨૯/૫/૨૦૦૪ ના ઠરાવ નં.PVS/102004/1335/S- પત્ર ની જાણ લેવી/સ્વીકારવો.

વધુમાં સદર બાબતમાં તમામ પાસાઓને ઘ્યાનમાં લેતાં તથા સદરહુ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયાની સમયમર્યાદાને અને પારદર્શકતાને ઘ્યાનમાં રાખતાં વિસ્તૃત ચર્ચા–વિચારણાંને અંતે ઠરાવવામાં આવે છે કે સદર અભ્યાસક્રમોમાં મેનેજમેન્ટ ક્વોટાની સીટો માટે કોલેજો વતી યુનિવર્સિટી ઘ્વારા (વાઈડ પબ્લીસીટી વાળી) જાહેરાતો આપવી. તેનાં ફોર્મનું વિતરણ યુનિવર્સિટી ખાતેથી કરવું. તથા યુનિવર્સિટી ખાતે જ તે જમા કરાવવા. યુનિવર્સિટી ઘ્વારા મુકેલા ઓબ્ઝર્વરની હાજરીમાં મેરીટનાં ધોરણે (મેનેજમેન્ટ ક્વોટામાં) કોલેજ મેનેજમેન્ટ પ્રવેશ આપશે.

જે વિધાર્થીઓએ આ અભ્યાસક્રમોની કોલેજોમાં કોલેજે આપેલી જાહેરાત ઘ્વારા ફોર્મ ભરેલાં હોય તો તેઓ પણ નવેસરથી ફોર્મ ભરી શકે છે. વધુમાં કોલેજો મેનેજમેન્ટ ક્વોટામાં મેળવેલાં ફોર્મ ને પણ આ પ્રવેશની મેરીટ માટે ગણતરીમાં લેવાં.

અન્ય અભ્યાસક્રમો જેવાં કે એમ.બી.બી.એસ., હોમીયોપેથીક, ફીઝીયોથેરપી, બી.એડ અને ડી.એમ.એલ.ટી. જેવા સ્વનિર્ભરમાં પણ ઉપરોકત પઘ્ધતિથી જ મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશો આપવા.

જે કોલેજ કે મેનેજમેન્ટ ઉપરોકત કાર્યવાહી સિવાય મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ પ્રક્રીયા કરશે તે પ્રવેશોને માન્ય ગણવામાં આવશે નહીં. તેમજ નોંધણી (Enrollment) પણ કરવામાં આવશે નહીં.

કાર્યાલય અધિક્ષક

ના.કુલસચિવ

ઈ.ચા.કુલસચિવ

ઈ.ચા.કુલપતિ